# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ **website : forumjunagadh.pgvcl@gebmail.com**

**CIN:U40102GJ2003SGC042908**


પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૨/ક્વા-૦૨/૨૦૨૨-૨૩/૧૩ તા.૩૧/૦૧/૨૦૨૩

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૨૨/ક્વા-૦૨/૨૦૨૨-૨૩**

અરજદાર: શ્રી ધ્રાંગુ સંતોક્બેન મેરામણભાઈ આહીર, ગામ – સણોસરી

સબડીવીઝન: કલ્યાણપુર

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી, દ્વારકા

## :: કોરમ ::

| | | |
|---|---|---|
| ૧) ચેરપર્સન | : | શ્રી બી.પી.બુચ |
| ૨) મેમ્બર સ્વતંત્ર | : | શ્રી એન.એસ.પંડયા |

સુનાવણી સ્થળ- પીજીવીસીએલ, વિભાગીય કચેરી, દ્વારકા

તારીખ: ગુરુવાર (૨૨-૧૨-૨૦૨૨)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૨૨-૧૨-૨૦૨૨ (ગુરુવાર) નાં રોજ રાખવામાં આવેલ હતી.જેમાં ઉપર મુજબ બને પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, અમો અરજદારની ઘણી જ માન તથા નમ્રતા પૂર્વક અરજ કે, અમો અરજદાર ગુજરાત રાજયના દેવભુમી દ્વારકા જિલ્લાના કલ્યાણપુર તાલુકા ના સણોસરી ગામે રહીએ છીએ.અમારી ફરીયાદ અરજી ટૂંક હકિકત નીચે મુજબ છે.

(૧) અમો અરજદારની સ્વતંત્ર કબજા ભોગવટા અને કુલ માલીકીની ખેતીની જમીન કે જે કલ્યાણપુર તાલુકાના સણોસરી ગામે રે.સ.નં. ૨૧૮(જુના રે.સ.નં.૧૨૫/પૈકી ૩/પૈકી ૧) વાળી આવેલ છે જે ખેતીની જમીનમાં અમોએ ખેતીવાડીના હેતુ સરનું એ.જી.કનેકશન સામાવાળા પાસેથી મેળવેલ છે. જેના ગ્રાહક નંબર : ૮૫૭૪૧૦૦૭333 છે.

(૨) અમો અરજદારએ અમારી માલીકીની ઉપરોકત ખેતીની જમીન ઉપર સરકાર શ્રી ની રકાય યોજના હેઠળ સોલાર પેનલ લગાવેલ છે, જે યોજના હેઠળ ખેડુત દ્વારા વપરાશ થયેલ વિજ યુનીટ સિવાયના બચત થતાં યુનીટ પેટેની રકમ ખેડુતને ચુકવવાની રહે છે.અમો અરજદારે સદરહું યોજના હેઠળ લગાડેલ સોલાર પેનલ થી વિજળી ઉત્પાદન થાય છે.પરંતુ આ કામના સામાવાળા દ્વારા અમોને વિજ ઉત્પાદનના બદલા માં ચુકવવાની રકમને બદલે અમોને અમારા રેગ્યુલર વિજ વપરાશના બદલે ખુબ મોટી રકમના બીલ ખોટી અને ગેરકાયદેસર રીતે સંદર્ભ વાળા પત્ર/નોટીસથી આપવામાં આવેલ.

(૩) સૌપ્રથમ અમોને રૂા. ૨૩,૩૯૦/– નું બીલ આપવામાં આવેલ હતું જે અન્વયે અમોએ આ કામના સામાવાળાને રજુઆત કરતાં આ કામના સામાવાળાએ મૌખીક જણાવેલ કે ટેકનીકલ ખામીના કારણે તમારા વીજ વપરાશના યુનીટ ખોટા જનરેટ થયેલ છે અને ખોટું બીલ જનરેટ થયેલ છે.તમો આ વખતે આ રકમ ભરપાઈ કરી આપો અમો ટેકનીકલ ખામી સુધારી આપશું હવે પછી તમારે વપરાશ મુજબના બીલ જ આવશે.જેથી અમોએ આ કામના સામાવાળાએ જણાવ્યા મુજબના બિલની રકમ પહોંચ નંબર: UP 853783 ચેક નંબર : ૦૧૪૦૧૯, તારીખ : ૦૮/03/૨૦૨૦ થી ભરપાઈ કરી આપેલ.જે રકમ ભરપાઈ કર્યા અંગેની પહોંચ આ સાથે સામેલ છે.

(૪) ત્યારબાદ આ કામના સામાવાળા દ્વારા ઉપરોકત સંદર્ભમાં જણાવેલ જાવક ક્રમાંક કે.પી.એસ.ડી./રેવ/નોટીશ/૨૧/૩૪૨૩, તારીખ : ૧૮/૧૧/૨૦૨૧ થી નોટીશ આપી રૂા. ૫૫,૨૮૦–અંકે રૂપીયા પંચાવન હજાર બસો એંસી પુરા બાકી વીજ બીલની રકમ ભરપાઈ કરવા જણાવેલ જે અન્વયે અમોએ આ કામના સામાવાળા ની કચેરીનો સંપર્ક કરતા શરતચુકથી અગાઉ રહેલ ટેકનીકલ ખામી સુધારેલ ના હોય જેથી સોલાર પેનલથી ઉત્પાદન થયેલ યુનીટ બાદ થયેલ નથી અને ખોટું બીલ જનરેટ થયેલ હોવાનું જણાવેલ હતું અને હવે પછી સદરહું ભુલ સુધારી જાણ કરવાનું જણાવેલ હતું.જે નોટીશની નકલ આ સાથે સામેલ છે.

(૫) ત્યારબાદ આ કામના સામાવાળા દ્વારા ઉપરોકત સંદર્ભમાં જણાવેલ પત્ર નંબર : કે.પી.એસ.ડી./રેવ/નોટીશ/૨૨/૩૮૮, તારીખ : ૩૧/૦૧/૨૦૨૨ થી નોટીશ બીજી નોટીશ આપવામાં આવેલ અને તેમાં રૂા. ૫૪,૬૫૫/- અંકે રૂપીયા ચોપન હજાર છસો પંચાવન પુરા દિવસ સાત(૭)માં ભરપાઈ કરવા નોટીશ આપવામાં આવેલ હતી. જેની નકલ આ સાથે સામેલ છે.

(૬) અમો અરજદારે આ કામના સામાવાળાને વારંવાર રજુઆત કરેલ છે અને અમોને સોલાર પેનલથી ઉત્પન્ન થયેલ યુનીટના બીલની રકમ ચુકવવા જણાવેલ છે. જે આજદીન સુધી આ કામના સામાવાળાએ ચુકવવા કોઈ કાર્યવાહી કરેલ નથી અને તેના બદલે ઉલટાનું ખોટી અને મોટી રકમના બીલ આપી ખોટી નોટીશ આપવા માં આવેલ છે.તેમજ અમો અરજદારની મૌખીક રજુઆત અન્વયે કોઈ કાર્યવાહી કરેલ નથી કે પોતાની ભુલ સુધારવા કોઈ કાર્યવાહી કરેલ નથી.

(૭) સરકાર શ્રી ના નિયમ મુજબ સોલાર પેનલ લગાવ્યા બાદ વખતો વખત સોલાર પેનલ થી ઉત્પાદન થયેલ યુનીટ વિજબીલ માંથી બાદ કરી ત્યાર બાદ વધઘટ થયે યુનીટની રકમ ખેડુતને ખાતામાં જમાં કરાવવાની રહે છે.જે અન્વયે આ કામ ના સામાવાળાએ કોઈ કાર્યવાહી કરેલ નથી કે અમોને ઉત્પાદન થયેલ વિજ યુનીટની રકમ ચુકવવામાં આવેલ નથી.

(૮) આ કામના સામાવાળાએ અમારા એ.જી.કનેકશન અન્વયે ખોટા બીલો આપી, ખોટી નોટીશ આપેલ છે.જયારે અગાઉની હિસ્ટ્રી જોવામાં આવે તો અમારા રેગ્યુલર વિજ વપરાશ મુજબ સામાન્ય બીલ જ આવતા પરંતુ સંદર્ભ વાળા પત્ર નોટીસમાં તો ખુબ મોટી રકમના બીલો આપવા માં આવેલ છે અને અમો દ્વારા સોલાર પેનલમાં ઉત્પન્ન થયેલ વિજ યુનીટનો કોઈ હિસાબ કરેલ નથી કે તે પેટે ચુકવવાની થતી રકમ ચુકવવા કોઈ દરકાર કરેલ નથી અને અમોને અમારા કોઈપણ જાતના વાંક કે ગુના વગર ખોટા બીલો ભરપાઈ કરવા જણાવેલ છે અને યેનકેન પ્રકારે હેરાન કરી અને ખોટા વિશ્વાસ અને ખાતરી આપી ખોટા કારણો/બાના બતાવી અમોને એ.જી.કનેકશનના ખોટા બીલ તથા નોટીશ આપેલ છે અને અમોને માનસીક રીતે દુ:ખ, ત્રાસ પહોંચાડેલ છે. તેમજ ખોટા બીલ તથા નોટીશ આપવાથી તથા ઉત્પન્ન થયેલ વિજ યુનીટ પેટે નાંણાની ચુકવણી ના કરી અમોને આર્થિક નુકશાન પણ કરેલ છે.

(૯) અમો ગામડાના ખેડુત, અભણ, સ્ત્રી તથા કાયદાથી અજ્ઞાન હોય અમો એ આ કામના સામાવાળાને વારંવાર રજઆત કરેલ છે.તેમ છતાં તેમના તરફથી કોઇ કાર્યવાહી કરવામાં આવેલ નથી,

(૧૦) વાસ્તે આ ફરીયાદ અરજી લાવી દાદ માંગવાની કે,

(અ) પી.જી.વી.સી.એલ.કચેરી- કલ્યાણપુરએ અમોને ખોટી રીતે આપેલ બીલ કઈ રીતે ગણતરી કરી બનેલ છે તે અંગે તથા અમો અરજદાર પાસેથી પહોંચ નંબર UP853783 થી વસુલ કરેલ રકમ કઈ રીતે ગણતરી કરી વસુલ કરેલ છે તે અંગે લેખીત ખુલાસો અપાવવો તથા તે રકમ અમો ફરીયાદીને પરત આપવી.

(બ) અમો અરજદારે અમારી ખેતીની જમીનમાં લગાવેલ સોલાર પેનલ માં ઉત્પાદીત થતા વિજયુનીટને બીલમાં જમા ના કરવા અને તે પેટે ચુકવવાની થતી રકમ ન ચુકવવા અંગે ખુલાસો અપાવવો. તેમજ સંદર્ભ વાળી નોટીસ/પત્રો પરત ખેંચવાનો હુકમ ફરમાવો.

(ક) અમો અરજદારને હેરાન કરવા બદલ તથા સમય મર્યાદામાં કાર્યવાહી ના કરેલ જેથી થયેલ માનસીક,આર્થીક નુકશાન બદલ અમોને મળવાપાત્ર વળતર પી.જી.વી.સી.એલ.કચેરી-કલ્યાણપુર ભરપાઈ કરી આપે.

(ડ) અમોને ખોટા બીલ તથા ખોટી નોટીશ આપવા અને અમારી રજુઆત અન્વયે કાર્યવાહી ના કરવા બદલ પી.જી.વી.સી.એલ. કચેરી–કલ્યાણપુરના જવાબદાર કર્મચારી વિરૂધ્ધ કાયદેસરની ખાતકીય કડક કાર્યવાહી કરવી તેમજ અન્ય કામગીરીનું નીરીક્ષણ કરી વધારાના પગલા ભરવા તથા તેમજ ન્યાયનું વિશાળ હિત જળવાઈ રહે તે માટે મળવાપાત્ર તમામ દાદ આપવી.

(૧૧) આ ફરીયાદ અરજી સાથે જરૂરી આધારપુરાવાઓ,ડોકયુમેન્ટસ લીસ્ટ રજુ, સરનામા યાદી છે. જરૂરીયાત ઉપસ્થિત થયે વધારે પુરાવા રજુ કરવાનો હકક અબાદીત રાખીએ છીએ.આમ અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 ગ્રાહક શ્રી સંતોકબેન મેરામણભાઈ આહીર-ધ્રાંગુ અત્રેની કચેરી હેઠળ કાર્યરત કલ્યાણપુર પેટા વિભાગમાં સણોસરી ગામ ખાતે નાગેશ્વર સ્કાય ફિડરમાં ગ્રાહક નં. 85741/00733/3 થી

ખેતીવાડીનું એસકેવાય (SKY) યોજના મુજબનું સોલાર વિજજોડાણ ધરાવે છે. ગ્રાહક શ્રી દ્વારા નિયમોનુસાર અરજી કરી આ યોજનાનો લાભ લીધેલ છે. આ યોજના મુજબ ગ્રાહકશ્રી ના લેજર ખાતે_SKY_LOAN_PRINCIPAL_35 તથા SKY_LOAN_INTEREST_30 ની રકમ નિયમ મુજબ ઉધારવામાં આવેલ છે પરંતુ ગ્રાહકશ્રી દ્વારા આવી રકમનું ભરણું કરવામાં આવેલ નથી તેમજ ગ્રાહકશ્રી દ્વારા છેલ્લે ભરણું રકમ રૂપિયા ૨૬૧૦/- તારીખ ૧૫.૧૨.૨૦૨૦ ના રોજ એટલે કે અંદાજે પોણા બે વર્ષ પહેલા કરવામાં આવેલ છે. આમ, આ રકમની ભરપાઈ નહીં થવાના કારણે કલ્યાણપુર પેટા વિભાગ દ્વારા બાકી રકમ ભરપાઈ કરી આપવા બાબતની નોટિસ નિયમોનુસાર ગ્રાહકશ્રીને આપવામાં આવેલ. આમ, ગ્રાહકશ્રીને કોઈ ગેરકાયદેસર નોટિસ આપવામાં આવેલ નથી કે કોઈ જ મોટી રકમનું બિલ આપવામાં આવેલ નથી. ગ્રાહકશ્રી દ્વારા જણાવવામાં આવેલ સદર મોટી રકમ સ્કાય લોનના હપ્તા તથા વ્યાજ પેટે ની છે તથા કાયદેસર રીતે ભરવાપાત્ર છે. ગ્રાહકશ્રી દ્વારા જણાવવામાં આવેલ રકમ રૂપિયા ૨૩,૩૯૦/- નું કોઈ જ બીલ આપવામાં આવેલ નથી પરંતુ આ રકમ પરચુરણ ખર્ચ ( MISC CHARGE) પેટે ની છે જે એસકેવાય(SKY) યોજનાનો લાભ લેતી વખતે આવા ગ્રાહકો પાસે ભરાવવામાં આવેલ હતી તથા ગ્રાહકશ્રી દ્વારા આ રકમ પહોચ નંબર UP ૮૫૩૭૮૩ થી તારીખ ૦૮-૦૩-૨૦૧૯ ના રોજ ભરપાઈ કરેલ છે. ગ્રાહકશ્રીને તમામ બીલ નિયમોનુસાર જ આપવામાં આવેલ છે તથા કોઈ જ ખોટા બીલ આપવામાં આવેલ નથી. એસએકવાય (SKY) ગ્રાહકોને સોલાર પેનલથી ઉત્પન્ન થયેલ યુનિટ વીજબીલ માંથી બાદ આપવામાં આવે છે તથા જો કોઈ જમા રકમ રહેતી હોય તો નિયમોનુસાર પરત આપવામાં આવે છે. આમ, ગ્રાહકશ્રી સાથે કોઈ જ અન્યાય કરવામાં આવેલ નથી તથા નિયમોનુસાર જ વીજ બિલના નાણાં ભરપાઈ કરી આપવા જણાવવામાં આવેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારશ્રી દ્વારા કરેલ મૌખીક તેમજ લેખીત રજૂઆત તથા સામાંવાળાની મૌખીક રજૂઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ નીચે મુજબ નાં નિર્ણય ઉપર આવેલ છે.

૪.૧ સદર બાબતે પીજીવીસીએલ ની રજુઆત મુજબ અરજદાર શ્રી અન્ય બીજું કનેક્શન પણ ધરાવે છે. અને તેમાથી વપરાશ પણ કરે છે.

૪.૨ સદર બાબતે અરજદાર શ્રી ને જે પીજીવીસીએલ દ્વારા જે બાકી લેણી રકમ નું બિલ આપવામાં આવેલ છે જે નિયમોનુસાર છે જે અરજદારશ્રી એ ભરવાપાત્ર છે.

૪.3 તે મુજબ અત્રે ના ફોરમ દ્વારા હુકમ કરવામાં આવે છે.

૪.૪ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | |
|---|---|
| શ્રી એન.એસ.પંડયા | શ્રી બી.પી.બુચ |
| સ્વતંત્ર સભ્ય | ચેરપર્સન |

**નોંધ:-**

(૧) અરજદાર સદર હુકમ થી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખ થી દિન-30 માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે.આ સાથે વિધુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમ ના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબિતી રજૂ કરી હોય,તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલશ્રી નું સરનામું : વિદ્યુત લોકપાલની કચેરી, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, કનક રોડ, ત્રિકોણ બાગ, રાજકોટ-૩૬૦૦૦૧